સંસ્મરણો યુગો સુધી યાદ કરશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એવા એ અપ્રતિમ શાસન-પ્રભાવકને કોટિ કોટિ વંદના !

( સંકલન : મુનિશ્રી ભદ્રસેનવિજયજી મહારાજ. સંદર્ભગ્રંથો : શ્રી બાલાભાઈ દેસાઈ સંપાદિત ‘ શ્રી ચારિત્રવિજય ગ્રંથ ’ તથા શ્રી મહુવાકર લિખિત ‘ ગુરુકુળની ગૌરવગાથા.’ )

## ન્યાયતીર્થ : ન્યાયવિશારદ

# પૂ. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ

પંડિતરાજ અશ્વઘોષ અને કવિરાજ કાલિદાસ સમી પ્રશસ્તિ પામનારા આ સરળતા અને સમાનતાના સાધક સાધુવરનો જન્મ સં. ૧૯૪૬ના કારતક સુદ ૩ ને શુભ દિને માંડલમાં થયો હતો. પિતા છગનલાલ અને માતા દિવાળીબેનનું એક માત્ર લાડકવાયું સંતાન નરસિંહ નાનપણથી જ સરળ સ્વભાવી, સંસ્કારી અને ધર્મપ્રેમી હતું. નરસિંહ ગામઠી શાળામાં ચાર ધોરણનો અભ્યાસ પૂરો કરીને પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી માંડલમાં સ્થપાયેલી શ્રી યશોવિજય જૈન પાઠશાળામાં વધુ અભ્યાસાર્થે દાખલ થયા. બીજે વર્ષે આ પાઠશાળા બનારસ ખસેડવામાં આવી. ત્યાં બે વર્ષ અભ્યાસ કરીને વતન પાછા આવ્યા. દરમિયાન માતા અને પિતાનું અવસાન થતાં ખૂબ આઘાત અનુભવ્યો. ત્યાર બાદ, કાકાની રજા લીધા વગર, પાલીતાણા જવાનું બહાનું કાઢી બનારસ પહોંચ્યા. ત્યાંથી ગુરુદેવ ૩૦ વિદ્યાર્થીઓ સાથે કલકત્તા તરફ વિહાર કરતા હતા તેમાં જોડાઈ ગયા. અનેક મુસીબતો વચ્ચે કલકત્તા પહોંચીને, અન્ય ચાર મિત્રો સાથે નરસિંહે પણ દીક્ષા ગ્રહણ કરી. પહેલેથી જ તેઓ ‘ ન્યાય ’માં વિશેષ રુચિ ધરાવતા હતા તેથી પૂ. ગુરુદેવે નામ આપ્યું મુનિ શ્રી ન્યાયવિજયજી.

પૂજ્યશ્રીએ પણ યથાનામ ન્યાયશાસ્ત્રોનું ગહન અધ્યયન કરી, તેમાં ઊંચી ઊંચી પરીક્ષાઓ પસાર કરી ‘ ન્યાયતીર્થ ’ અને ‘ ન્યાયવિશારદ ’ની પદવીઓ પ્રાપ્ત કરી. ઊગતી જુવાનીમાં શાસ્ત્રોમાં પરમ પારગામિતા પ્રાપ્ત કરી ‘ અધ્યાત્મતત્ત્વાલોક ’ અને ‘ ન્યાયકુસુમાંજલિ ’ જેવા શ્રેષ્ઠ શાસ્ત્રગ્રંથો લખ્યા. સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પર પ્રભુત્વ મેળવી કાવ્યરચનાઓ કરી. યુવાન સાધુની આવી ઊંચી પ્રતિભા અને જ્ઞાનવૈભવ જોઈને નાગપુર અને ઉજ્જયિનીના બ્રાહ્મણોએ તેમને ‘ किमश्वघोषः किम् कालिदासः । ’ એવાં પ્રશસ્તિવચનો સાથે માનપત્ર અર્પણ કર્યું. ઊંડાં ચિંતનનો પરામર્શ પામેલો પૂજ્યશ્રીનો ‘ જૈનદર્શન ’ નામનો મહાગ્રંથ અજોડ અને અવિસ્મરણીય ધર્મગ્રંથ છે. સમગ્ર ભારતવર્ષમાં, જૈન–જૈનેતર સમાજમાં અદ્ભુત લોકાદર પામેલા આ ગ્રંથની ૧૦–૧૦ આવૃત્તિઓ થઈ છે. હિંદી અને અંગ્રેજીમાં તેના અનુવાદો થયા છે. આ ઉપરાંત, તેઓશ્રીએ નાનામોટા પચાસેક ગ્રંથો લખ્યા છે. પૂ. વિનોબાજી જેવા સંતોએ તેમની ધર્મપ્રીતિ અને શાસ્ત્રચિંતનની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. વળી, તેઓશ્રીનો સ્વદેશપ્રેમ પણ વિશિષ્ટ હતો. મુંબઈમાં સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપણા નીચે ટાઉનહૉલમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાન આપી, મુંબઈ કોંગ્રેસ હાઉસમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી, ખાદીનાં તૈયાર કપડાંની લ્હાણી કરાવી, તેઓશ્રીએ જૈન શ્રમણો માટે રાષ્ટ્રભાવનાનાં નવાં દ્વાર ખોલ્યાં હતાં. સર્વધર્મસમભાવ એ તેમનો મહાન ગુણ હતો. તેથી જ તો હરિજનોના મંદિરપ્રવેશ બાબત પૂજ્યશ્રીનું વલણ વિધાયક હતું. પ્રકાંડ પંડિત હોવા છતાં નિખાલસ અને નિર્મોહી વ્યક્તિત્વ ધરાવતા હતા. સાગર જેવી સમતા અને ઉદારતા ધરાવતા હતા; બાળક જેવાં સરળતા અને મસ્તી ધરાવતા હતા. પરિણામે, પૂજ્યશ્રીએ જીવનનાં છેલ્લાં ૧૫–૨૦ વર્ષો શાંત–એકાંતવાસમાં ગાળ્યાં હતાં. ધર્મશાસ્ત્રોના વાચન અને ચિંતનમાં જ સમય વિતાવતા હતા. એવા એ પ્રખર વિદ્વદ્રત્ન મુનિવરને હૃદયપૂર્વક વંદના !

( શ્રી રતિભાઈ મફાભાઈ શાહના ' જૈન ' પત્રના તા. ૭–૩–૭૦ના અંકના લેખના આધારે. )

## પ્રકાંડ દાર્શનિક : પ્રખર શાસનપ્રભાવક : ' જૈન પરંપરાનો ઇતિહાસ ' ગ્રંથના સર્જક

# પૂજ્ય મુનિરાજશ્રી દર્શનવિજયજી ( ત્રિપુટી ) મહારાજ

શ્રી દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજી – આ ત્રણ જૈન મુનિવરોનાં નામ અને કામથી ભાગ્યે જ કોઈ સાધુ, કોઈ શ્રાવક કે કોઈ સંઘ અણજાણ હશે ! ત્રિપુટી–મહારાજના નામથી તેઓ ભારતભરમાં જાણીતા છે. આવી આ મુનિવર ત્રિપુટીને વિધિએ આપણી વચ્ચેથી ખેંચી લીધી ત્યારે સકલ સંઘે ઘેરા શોકની લાગણી અનુભવી હતી. આ ત્રિપુટી પૈકી શ્રી ન્યાયવિજયજી મહારાજ અને શ્રી જ્ઞાનવિજયજી મહારાજ અગાઉ કાળધર્મને પામ્યા હતા. શ્રી દર્શનવિજયજી મહારાજ સં. ૨૦૨૯ના મહા વદ અમાવાસ્યાને દિવસે પાલીતાણામાં, શત્રુંજયની છાયામાં, આણંદજી કલ્યાણજીની પેઢીના વંડામાં, શત્રુંજય સામું મુખ રાખીને ભગવાન આદિનાથનું સ્મરણ કરતાં કરતાં કાળધર્મને પામ્યા. જગતમાં જન્મે છે તે મૃત્યુવશ થાય છે એ અટલ નિયમ છે; પરંતુ મૃત્યુ મૃત્યુમાં ફેર હોય છે. કોઈ જીવતે જીવત મરેલાં જેવું જીવન જીવે છે, તો કોઈ મૃત્યુ પછી સૈકાઓ સુધી નામ ન વીસરાય એવું ધર્મમય અને સેવામય જીવન જીવી પોતાના નામની આયુમર્યાદા અનંત કરતા જાય છે. ત્રિપુટીમહારાજ આવા ઉચ્ચ કોટિના મુનિવરો હતા. એમાં યે શ્રી દર્શનવિજયજી મહારાજ તો ત્રિપુટીમાં શિરમોર હતા.

પૂ. દર્શનવિજયજી મહારાજનું સંસારી નામ મગનલાલ હતું. તેમની જન્મભૂમિ રાંદલના દડવા ગામ હતી. પિતાનું નામ પાનાચંદ અને માતાનું નામ કસ્તૂરબેન હતું. વડી દીક્ષા સં. ૧૯૭૩ના ફાગણ સુદ ચોથને દિવસે શત્રુંજયની છાયામાં આચાર્ય શ્રી કમળસૂરિજી મહારાજ હસ્તે લીધી અને મુનિવર શ્રી ચારિત્રવિજયજી મહારાજ ( કચ્છી )ના શિષ્ય ઘોષિત થયા. છપ્પન વર્ષ દીક્ષા ભોગવી, શત્રુંજયની છાયામાં કાળધર્મ પામ્યા. આ છપ્પન વર્ષના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org